# માનવીનો ચહેરો - વૈશ્વિક સ્તરે

કેટલાક સમય પહેલાં, 'મેં જોયેલા દેશોમાં સ્ત્રીઓની સ્થિતિ' - એ વિષય પર લેખ લખવાનું આવેલું. એની શરૂઆતમાં મેં લખેલું કે સ્ત્રીઓની સ્થિતિ બધે સરખી હોય છે. એ પછી, અલબત્ત, વિષયને અનુરૂપ વિગતો જરૂર લખેલી.

બીજી એક વાર જે વિષય આવ્યો તે હતો - 'વિશ્વપ્રવાસમાંથી મને મળ્યો માનવીનો ચહેરો.' એને માટે પણ એવું જ એક સર્વસામાન્ય વિધાન કરી શકાય, કે માનવ-ચહેરો બધે સરખો હોય છે. એ સ્પષ્ટ છે કે અહીં માણસજાતનો બાહ્ય દેખાવ અભિપ્રેત નથી. દેશ-દેશ, જાતિ-જાતિના લોકો દેખાવે જુદા હોય છે જ, પણ મોઢાના આકાર અને ત્વચાના રંગની નીચે જે જીવ હોય છે, તેમાં કોઈ જ તફાવત હોતો નથી.

વિલિયમ શેક્સપિયરના 'મર્ચન્ટ ઑફ વેનિસ' નાટકના પાત્ર શાયલોકની જાણીતી ઉક્તિ છેઃ તમે મને ચૂંટલી ખણશો, તો શું મને નહીં દુઃખે? તમે મારા પર ઘા કરશો, તો શું મને લોહી નહીં નીકળે? વગેરે. એટલે કે, દુનિયાની દરેક વ્યક્તિના જીવનમાં આનંદ, પીડા, સગવડ, સંઘર્ષ વગેરે સર્વ સંવેદનો અને સંજોગો એકસરખાં જ હોય છે. સર્વત્ર રીતરિવાજો, ઉત્સવો, પ્રસંગો પણ ઊજવાતા જ હોય છે, ને તે પોતપોતાની રીતે; તેથી અમુક 'શું સરસ' ને અમુક 'સાવ નક્કામું' જેવું કંઈ હોતું નથી.

જે જુદું લાગે, કે ના સમજાય તે ના ગમે, એવું ઘણી વાર બનતું હોય છે. ટૂંકા પ્રવાસ દરમિયાન કોઈ પણ સમાજની ત્રુટિઓ નજરે જલદી ચઢે, ને વિશિષ્ટતાઓ ના પણ દેખાય, તેમ બને. વર્ષોથી થતા રહેલા પ્રવાસો દરમિયાન મને સમજાતું ગયું છે, કે દરેક જાતિ, કે દરેક વ્યક્તિ પણ, જે હોય છે તે - એ જ્યાં હોય છે, તેને લીધે હોય છે. એટલે કે, ભૌગોલિક પરિબળો, જેવાં કે ઋતુ, હવામાન, તાપમાન વગેરેની મોટી અસર સ્થાનના બંધારણ પર પડે છે, અને તેથી કરીને ત્યાંના જીવનનાં સર્વ પાસાં ઘડાતાં જાય છે.

ભૌગોલિક સંસ્થિતિના સત્યાર્થથી હું એવી સભાન બની છું, કે પ્રત્યેક સ્થાનને, ત્યાંના જીવનને, સમયની એક એક ક્ષણને નીરખું છું, પારખું છું,

એમને વિશે હરખું પણ છું, પણ સરખું છે - નથી, અને ગમતું છે - નથી જેવી બાબતોની વચમાં અટવાતી નથી. વિશ્વભરમાં માનવીનો જે ચહેરો છે - એટલે કે, માણસજાતનું જે નિજીપણું છે, તે એક કૅલાઇડોસ્કોપ, અથવા રંગીન કાચના ટુકડા ભરેલા દૂરબીન જેવું છે. એને જરાક ફેરવો, ને દર વખતે એમાં રંગરંગીન જુદી આકૃતિ બનતી દેખાશે. જે મૅટર (matter) છે, એટલે કે જે પદાર્થ છે તે તો એનો એ જ છે; એનું સંચાલન વિભિન્ન હોય છે.

આવો ખ્યાલ જો સર્વજનમાં પ્રવર્તતો હોય તો કેવું સારું. રંગરંગીન, કળાત્મક, સુંદર જીવનાકૃતિઓ જોઈને પરસ્પરને માટે, પરસ્પર પ્રત્યે કેવો સરસ, સહજ સ્નેહ અને આનંદ અનુભવી શકાય. પણ આ તો શંકાનો, સંદેહનો યુગ છે, Age of Suspicion છે. મેં નજરે જોયું, અને જાતે અનુભવ્યું છે, કે ૨૦૦૧ના સપ્ટેમ્બરની ૧૧મીની સવારે અમેરિકામાં પહેલી વાર આવો હિંસક, આત્મઘાતી ધ્વંસ થયો, ને તે પછીના એક કલાકમાં જ ખરેખર આખેઆખો યુગ પલટાઈ ગયો.

તત્કાળ એકમેકની બાબતે ગભરાટ, એકમેક પ્રત્યે તિરસ્કાર, અને એકમેક માટે ઘૃણાનો ભાવ, જાણે હવા દ્વારા, પ્રત્યેક શ્વાસેશ્વાસમાં ઝેરની જેમ ભળી ગયો. ત્યારથી માંડીને પરસ્પર સમજણ અને સહિષ્ણુતાનો અભાવ જાણે વધતો ગયો છે. અનેક દેશોમાં ત્યાંની પોતાની કોમ-કોમમાં, જાતિ-જાતિમાં પણ, કેવળ સાધારણ અણગમો નહીં, બલ્કે ઊંડો રોષ અને હિંસ્ર વર્તન સર્વોપરી બનતાં ગયાં છે. એમ પ્રશ્ન થયા કરે છે, કે બધ્ધા ચહેરા માનવના છે, વિશ્વે શાને આગ બળે છે? વિશ્વે શાને લોહી વહે છે?

આખા વિશ્વમાં અત્યારે એવી માનસિકતા થઈ ગઈ છે, કે જેથી માનવીમાત્રને અન્ય માનવી પારકા લાગે છે. ક્યારે કોણ કોને ગમે, કે ના ગમે, તેના કારણની કશી ખબર ના પડે. ક્યાંક એક ધર્મના બે પંથો વિભાજિત થઈ જાય - જેમ કે ખ્રિસ્તી ધર્મના કૅથૉલિક અને પ્રોટેસ્ટન્ટ પંથો, ને ક્યારેક એક દેશની બે જાતિઓ અન્યોન્યને અસહ્ય થઈ પડે, જેમ કે આફ્રિકાના અમુક દેશોમાં. આવું વૈમનસ્ય સમજાતું જ નથી.

દુનિયામાં માનવ-માનસ જ્યારે આવું હોય ત્યારે કોઈ એક વ્યક્તિ સ્થાનોને, ને જનોને ચાહવા માગતી હોય, પોતાનું ગણવા માગતી હોય, તો તે અભિગમ

સહજ રીતે સમજાતો અથવા સ્વીકાર્ય નથી હોતો, બલ્કે વધારે શંકાસ્પદ બને છે. આ યુગ પ્રેમનો ઘણો ઓછો છે, વેરનો ઘણો વધારે છે. આ યુગ પરમાર્થનો નથી, સ્વાર્થનો છે. પ્રવાસી તરીકેની મારી ત્રિવિધ - ઇન્ડિયન, સ્ત્રી, એકાકી - હયાતીને લીધે મને આવા ઘણા અનુભવો થયા છે. વારંવાર થયા છે - મોટા ભાગે દેશો વચ્ચેની સરહદો પર, કસ્ટમ્સ અને ઇમિગ્રેશનમાંથી પસાર થતાં. અત્યાર સુધી સત્તાધારીઓનું અપમાનજનક વલણ અને વર્તન મારા ઇન્ડિયન હોવાને કારણે રહેતું. આતંકવાદના આ યુગમાં એની અંદર એકલી સ્ત્રી-પ્રવાસી માટેનો સંદેહ પણ ભળ્યો છે.

આમ છતાં, જોકે, હું વિશ્વને ચાહતાં અટકી નથી શકતી, પ્રવાસ કરવાનું ત્યજી નથી શકતી. કેટલાંયે અપમાનો હું ગળતી રહી છું, ભૂલતી રહી છું. મનમાં સાતત્ય છે તો તે વિશ્વને જોવાના-પામવાના આનંદનું છે. મને આખી પૃથ્વીનું બધું પસંદ છે. એનાં ઇતિહાસ, ભૂગોળ, સંસ્કૃતિ, સાહિત્ય, સંગીત, સમાચાર - બધું મને ‘લાગે-વળગે’ છે, હા, બધું મને મારું લાગે છે.

માનવજીવનનાં કેટલાં બધાં પાસાં અને પરિમાણો છે. એ બધાંને સમજવાનો, પોતાનાં ગણવાનો મારો પ્રયત્ન રહ્યો છે. મોટા ભાગે હું સ્થાનિક ધર્મશાળા જેવી જગ્યા શોધી લઉં છું, ને ક્યારેક જો કોઈ સ્થાનિક ઘરમાં રૂમ ભાડે લઈ શકાય તો તે તક લઈ લઉં છું. મારા મનનો આગ્રહ હોય છે કે બધે ગમવું જ જોઈએ, કારણ કે દરેક જગ્યા કોઈને ને કોઈને માટે ઘર હોય છે. આવી મનોવૃત્તિને લીધે હું જ્યાં જાઉં ત્યાં મને ઘર જેવું લાગે છે. ઘણા દેશોમાં મારે મિત્રો છે. અમુક દેશોમાં તો મારે ‘કુટુંબો’ છે.

દુનિયામાં જાહેર રીતે શંકા ને સંદેહનો યુગ ભલે છે, મારે માટે તો સ્નેહનો યુગ જ ચાલે છે. મનન-ચિંતન કરી કરીને હું સમજી છું કે સત્તાધારીઓ જ્યારે અપમાન કરે છે, ને નાગરિકો (માનવીઓ) જ્યારે અણગમો દર્શાવે છે, તે એમની સામેનાંની હયાતી વિશેની સમજણના અભાવને લીધે હોય છે. આથી જ હું માનું છું, કે માનવી-માનવી પ્રત્યે, વિશ્વમાંના જીવનની અનેકવિધતા પ્રત્યે, જીવની ઉદારતા બહુ જરૂરી છે.

ક્યાંયના પણ રીતરિવાજ વિચિત્ર શા માટે લાગે? વિસ્મયકર કેમ નહીં? ક્યાંયના પણ કળા અને સંગીત સામાન્ય શા માટે લાગે? સંમોહક કેમ

નહીં? અન્ય દેશના સાહિત્યમાંના કથાનકને સાધારણ કે નિરાશાજનક, અને મુખ્ય પાત્રને વિચિત્ર કે ઘૃણાસ્પદ કહીએ તે પહેલાં, ત્યાંના વાતાવરણ, જીવનસરણી, પરિસ્થિતિઓ વગેરે અંગેની જુદી સંભાવનાઓ વિશે વિચાર કરવાની તૈયારી કેમ ના હોય આપણામાં? કોઈનામાં?

કહેવાય છે કે Life is stranger than fiction. આપણે લખીએ કે વાંચીએ તે પુસ્તકો કરતાં ઘણી વધારે ગૂઢ અને ગેબી જિંદગી પોતે હોય છે. મૂલ્યો લગભગ બધાં, અને લગભગ બધે, સરખાં હોય છે. સાથે જ, મૂલ્ય-પાલન અને મૂલ્ય-ઉપેક્ષાની રીત સ્થાન-સ્થાનમાં જુદી હોય, તેમ માનવું પડે, અને સમજવું પણ પડે જ.